## ઃ: ફોજદારી અપીલ નં.૧૦૩/૨૦૨૫ ના કામે આંક–૧ હેઠળ હુકમ ઃ:

(૧) આ કામના એપેલેન્ટ/આરોપીને વિ. ટ્રાયલ કોર્ટ દ્વારા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામા તકસીરવાન ઠરાવી, એક વર્ષની સાદી કેદની સજા અને આરોપીએ ફરીયાદીને હુકમની તારીખથી છ અઠવાડીયામાં ચેકની રકમ રૂ.૧૦,૦૦,૦૦૦/– ચેક રીટર્ન તારીખ એટલે કે તા.૨૬.૦૪.૨૦૨૩ થી ૯ ટકા સાદા વ્યાજે વળતર તરીકે ચુકવવા અને જો આ વળતરની રકમ ચુકવે નહીં તો આરોપીને તે બદલ વધુ બે માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ તા.૩૦/૦૬/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે, જે હુકમથી નારાજ થઇને આરોપી અપીલ કરવા માંગતા હોવાથી વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ સ્ટે કરવા અરજી આપતા, વિ. ટ્રાયલ કોર્ટે આરોપીની અરજી મંજુર કરીને, વિ. ટ્રાયલ કોર્ટે પોતાનો હુકમ ૩૦ દિવસ સુધી સ્ટે કરીને આરોપીને જામીન ઉપર મુકત કરેલ. ત્યારબાદ આ કામના એપેલેન્ટ/આરોપીએ વિ. ટ્રાયલ કોર્ટના હુકમથી નારાજ થઇને આ કોર્ટમાં હાલની આ અપીલ દાખલ કરેલ છે અને અપીલના કામે પોતાને જામીન ઉપર મુકત કરવા અને વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ સ્ટે કરવા આંક–૫ થી અરજી તા.૨૫.૦૭.૨૦૨૫ ના રોજ આપવામાં આવેલ, જે અરજી સુનાવણી માટે મુલતવી રાખવામાં આવેલ. ત્યારબાદ આ કામના એપેલેન્ટ/આરોપી દ્વારા તા.૩૦.૦૭.૨૦૨૫ ના રોજ આંક–૫ ની દલીલ રજૂ કરવા માટે મુદત અરજી આપવામાં આવેલ, જે અરજીના આધારે વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ તા.૦૮.૦૮.૨૦૨૫ સુધી મોકુફ રાખવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ તા.૦૮.૦૮.૨૦૨૫ ના રોજ એપેલેન્ટ/આરોપી દ્વારા આંક–૧૨ થી અરજી આપીને વિ. ટ્રાયલ કોર્ટનો સજાનો હુકમ મોકુફ રાખવા કરેલ હુકમ લંબાવી આપવા અરજ કરતા, તે અરજી નીચે આ કોર્ટ દ્વારા તા.૨૫.૦૮.૨૦૨૫ સુધી વિ. ટ્રાયલ કોર્ટનો સજાનો હુકમ મોકુફ રાખવા હુકમ કરેલ છે, પરંતુ આ કામના એપેલેન્ટ/આરોપીએ આજદીન સુધી એટલે કે આજરોજની તારીખ સુધી આંક–૫ ની અરજીના કામે ચેકની ૨૦% રકમ ડીપોઝીટ પેટે જમા કરાવેલ નથી કે આજરોજ પણ તેઓ ચેકની ૨૦% રકમ ડીપોઝીટ પેટે જમા કરાવવા માંગતા હોય, તેવી કોઇ તૈયારી દર્શાવેલ નથી કે તેમના વિ. વ. શ્રી પણ આજરોજ હાજર

રહેલ નથી કે આંક–પ ની સુનાવણી કરવાની કોઇ તૈયારી દર્શાવેલ નથી. આમ, આ કામના એપેલેન્ટ/આરોપી દ્વારા અને તેમના વિ. વ. શ્રી દ્વારા હાલની અપીલના કામે રજૂ કરેલ આંક–૦૫ ની અરજીની સુનાવણી કરવામાં કે ચેકની ૨૦% રકમ ડીપોઝીટ પેટે જમા કરાવવામાં કોઇ તૈયારી દર્શાવેલ હોય, તેવુ રેકર્ડ ઉપરથી જણાય આવતુ નથી, ત્યારે આ કામના એપેલેન્ટ/આરોપીને વિ. ટ્રાયલ કોર્ટે કરેલ સજા મુજબ કસ્ટડીમાં લેવા યોગ્ય હુકમ કરવો જરૂરી જણાતો હોય, ન્યાયના વિશાળ હીતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**ઃઃ હુકમ ઃઃ**

(૧) આ કામના એપેલેન્ટ/આરોપી વિરૂધ્ધ ફો. કે. નં. ૧૩૮૧/૨૦૨૩ ના કામે વિ. ટ્રાયલ કોર્ટે કરેલ સજા મુજબ સજા વોરંટ ભરવાનો હુકમ કરવામાં આવે છે.

- હુકમ મુજબ જરૂરી સજા વોરંટ ભરવુ.

આ હુકમ આજરોજ તા.૦૧, માહે–સપ્ટેમ્બર, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

તા.૦૧.૦૯.૨૦૨૫
સ્થળ–વેરાવળ

**(વિક્રમસિંહ બી. ગોહિલ)**
સત્ર ન્યાયાધિશ
ગીર સોમનાથ, વેરાવળ
**કોડ નં. જીજે૦૧૦૪૨**